-----------------------------------------

**શહેરાના એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં**
**જી.પંચમહાલ, મુ.શહેરા.**

-----------------------------------------

ફોજદારી કેસ નંબર– ૧૪૧૩/૨૦૨૫
આંક–

ફરિયાદી :– શ્રી સરકાર

**<u>વિરૂધ્ધ.</u>**

આરોપી :– સીંકદરભાઈ અર્જુનભાઈ ઉર્ફે કંથાભાઈ નટ
રહે– ભેસાલ હોળી ચકલા ફળીયું, તા. શહેરા, જી. પંચમહાલ

-----------------------------------------

ગુનો :– <u>એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ ૬૬(૧)બી મુજબ</u>

-----------------------------------------

**<u>–: ચુકાદો :–</u>**

**૧.** ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ પોતાના કબજા હવાલાવાળુ વાહન બેદરકારી બેફીકરાઈથી અને માનવીની જીંદગી જોખમાય તે રીતે ચલાવીને શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**૨.** આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સોની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે.

**૩.** આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા તેમજ ના. ગુજરાત વડી અદાલતે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર(ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, આ કામમા આરોપીને હાલના ગુના સબબ કલમમા

ન્યુન્તમ સજા નિયત કરેલી ના હોય, આરોપીની સામે જે પ્રકારના ગુનાનો આક્ષેપ છે તેને લક્ષમા લેતા ગ્રામ્ય વાતાવરણમા આવતા હોય આવા પ્રકારના સંજોગોમા રજુઆતોને લક્ષમા લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા અને બી.એન.એન.એસની કલમ-૪૦૧ ની હકીકતોને લક્ષમા લેતા ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**- :: <u>હુકમ</u> :: -**

આરોપીને બી.એન.એન.એસની કલમ-૨૭૫ મુજબ એમ.વી.એકટની કલમ-૧૮૫, તથા પ્રોહી એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવીને રૂ.૧૫૦૦/- નો દંડ કરવામાં આવે છે. અને જો દંડ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન ૩૦ ની સાદી કેદની સજા કરવામા આવે છે.

આ હુકમ આજ તા. ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી લોક અદાતલમાં (સ્પેશીયલ સીટીંગમાં)મારી સહી કરી વાંચી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
મુ.શહેરા.

**(બી.એચ.ઓડેદરા)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
શહેરા,જી.પંચમહાલ,